વડીલોને વંદન અભિનંદન

અજીતભાઈ આર મકવાણા
(૧૯૪૫) મો.૯૭૩૭૩૪૫૮૯૬

પોર ગામમાં ખુલ્લેઆમ જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

૨૪ હજારના મુદ્દામાલ સાથે ચારેયની ધરપકડ : અડાલજ પોલીસની રેડ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર નજીક પોર ગામમાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે અડાલજ પોલીસે દરોડો પાડીને ચાર જુગારીઓની ધરપકડ કરી લીધી છે. ચારેય પાસેથી રોકડ તથા મોબાઈલો મળીને રૂ. ૨૪ હજારનો મુદ્દામાલ પોલીસે જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટને બાતમી મળી હતી કે પોર ગામની સીમમાં ખુલ્લામાં કેટલાક શખ્સો બાજી માંડીને બેઠા છે જેને આધારે પી.આઈ.ની સુચનાથી પી.એસઆઈ. એસ.જે. વાઘેલા તથા સ્ટાફના માણસોએ દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને નાસભાગ મચી ગઈ હતી, પરંતુ પોલીસે કોર્ડન કરીને જુગારીઓને ઝડપી પાડ્યા હતા. પોર ગામના જયંતિ ડાહ્યા પટેલ, ધીરૂ અંબાલાલ પટેલ, રામા નાથા પટેલ અને આતાજી સોમાજી ઠાકોર મળીને ચાર શકુનીઓની રોકડ સહિત રૂ. ૨૪,૩૬૦ની કિંમતનો મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી છે અને તમામ વિરૂદ્ધ ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

પાલનપુરમાં મીની અંબિકાનગર પાસે અંજલી બંગ્લોઝમાં રહેતા એક પરિવાર ઈન્ડેન ગેસ કંપનીના ગ્રાહક છે. તેમણે અગાઉનું સિલિન્ડર ખાલી થતા નવુ ગેસ ભરેલુ સિલિન્ડર (બાટલો) લગાવ્યો હતો. અને એક જ અઠવાડીયામાં બાટલો પુરો થઈ જતા તેમને નવાઈ લાગતા તે સિલિન્ડર ખોલી ઉંધો કરતા તેમાંથી પાણી નીકળતા તે સ્તબ્ધ બની ગયા હતા.

વાડીયા ગામે પોલીસ ચોકી કાર્યરત

ડીસા, તા. ૩

થરાદ તાલુકાના વાડીયા ગામના નાગરિકોતરફથી વાડીયા ગામમાં પોલીસ ચોકી કાર્યરત કરવાની માંગણી કરતા બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષકે તા. ૧ જુલાઈ ૨૦૧૩ના રોજથી વાડીયા ગામે પોલીસ ચોકી કાર્યરત કરવામાં આવતા સ્થાનિકોમાં આનંદ છવાયો છે.

થરાદ તાલુકાના વાડીયા ગામના સ્થાનિકો મારફતે વાડીયા ગામમાં પોલીસ ચોકી કાર્યરત કરવા રજૂઆત કરવામાં આવી હતી. જે અન્વયે બનાસકાંઠા જિલ્લા પોલીસ વડાએ વાડીયા ગામના સ્થાનિકોની રજૂઆતને ધ્યાને લઈ વાડીયા ગામે પોલીસ ચોકી કાર્યરત કરવામાં આવી હતી. આ દરમિયાન પોલીસ ચોકીના પ્રારંભે જ પોલીસે અસામાજીક તત્વોની અટકાયત કરી તેમના વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પાલનપુર કે.કે. ગોઠા શાળામાં માર્ગ સલામતી અભિયાન અંતર્ગત ટ્રાફીક જાગૃતિ કાર્યક્રમ યોજાયો

બનાસકાઠા જિલ્લા પોલીસવડાની સૂચના મુજબ સમગ્ર જિલ્લામાં એક જુલાઈથી સાત જુલાઈ દરમ્યાન માર્ગ સલામતી અભિયાન અંતર્ગત જન જાગૃતિ કાર્યક્રમનું આયોજન પોલીસ દ્વારા કરવામાં આવ્યું હતું. શહેરની કે.કે. ગોઠા હાઈસ્કૂલ ખાતે એક શિબિરનું આયોજન કરવામાં આવેલ હતુ. બનાસકાંઠા જિલ્લા પોલીસ દ્વારા માર્ગ સલામતી અભિયાન અંતર્ગત જિલ્લા ટ્રાફીક પી.એસ.આઈ. વી.કે. ગઢવીના અધ્યક્ષ સ્થાને ગતરોજ વિદ્યાર્થીઓને ટ્રાફીકના નિયમો વિશે માહિતી આપી હતી. જેમાં પ્રજાએ પણ પોલીસને સહકાર આપવા પોલીસે અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં લોક જાગૃતિ માટે વિદ્યાર્થીઓને ટ્રાફીક સલામતીના પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ચૂંટણી કામગીરી માટે સનદી અધિકારીઓને અન્ય રાજ્યમાં મોકલાતા યોજનાના અમલીકરણમાં નકારાત્મક અસર થાય છે

ગાંધીનગર, તા. ૩

રાજયોમાં યોજાતી વિધાનસભા ચૂંટણી કામગીરી માટે અન્ય રાજયોને એક બીજા રાજયમાંથી અધિકારીઓને મોકલવા માટેની રજુઆત મુખ્ય ચૂંટણી કમિશ્નરને કરવા માટેની વિચારણા રાજય સરકારે હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ અત્યંત વિશ્વાસપાત્ર સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયોમાં યોજાતી ચૂંટણીઓ માટે સનદી અધિકારીઓને ચૂંટણી ફરજ માટે મોકલવામાં આવે છે. જેના કારણે રાજયમાં વિકાસકામો પર નકારાત્મક અસરો પડે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ રાજયના મુખ્ય સચિવના અધ્યક્ષપદે એક મહત્વની બેઠક મળી હતી. આ બેઠકમાં એવી ચર્ચા કરવામાં આવી હતી કે રાજયના સનદી અધિકારીઓને અન્ય રાજયોમાં ચૂંટણી ફરજ અર્થે મોકલવામાં આવે છે જેના કારણે જેતે યોજનાના અમલીકરણમાં નકારાત્મક અસર થાય છે.

આથી આ અંગે એક અધિકારી દ્વારા એવું સૂચન કરવામાં આવ્યું હતું કે આગામી દિવસોમાં દેશના ત્રણ થી ચાર રાજયોમાં ચૂંટણી હોય તો તે રાજયો પૈકીના રાજયના અધિકારીઓને એકબીજાના રાજયમાં ચૂંટણીની ફરજ સોંપવામાં આવે તો સરકારી કામગીરીને થતી નકારાત્મક અસર અટકાવી શકાય.

આ સૂચનના પગલે રાજય સરકારે આ દિશામાં સક્રિય વિચારણા હાથ ધરી છે અને આગામી ટુંક સમયમાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા રાજયના મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરવામાં આવશે અને ત્યાર બાદ સરકાર આ અંગેનો નિર્ણય લઈને મુખ્યમંત્રી કક્ષાએથી દેશના મુખ્ય ચૂંટણી કમિશ્નર સમક્ષ રજુઆત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

રાજયોમાં વિધાનસભાની ચૂંટણી કામગીરી માટે રાજયમાંથી ૨૦ થી ૩૦ જેટલા સનદી અધિકારીઓને ચૂંટણી કામગીરી માટે મોકલવામાં આવે છે.

કલોલ તાલુકા પંચાયતના ડેલીગેટ સહીત ૧૭ જુગારીઓ ઝડપાયા : બે લાખનો મુદ્દામાલ જપ્ત

કલોલ તાલુકા પી.આઈ. બી.એન. દવે તથા તેમની ટીમે બાતમીના આધારે સબાસપુર ગામના એક ખેતરમાં દરોડો પાડી ૧૭ જુગારીઓને ઝડપી પાડ્યા છે. જેમાં કલોલ તાલુકા પંચાયતના કોંગ્રેસી ડેલીગેટ અમરત અંબાલાલ ઠાકોરનો પણ સમાવેશ થાય છે. મોડી સાંજ સુધી પોલીસની કાર્યવાહી ચાલી હતી. સવા લાખ રૂપિયા રોકડા તથા બાઈકો મળીને આશરે ૨ લાખનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે. જુગારીઓ ખેતરમાં ખુલ્લેઆમ બાજી માંડીને બેઠા હતા. જો કે નાસભાગ થતા દસેક આરોપીઓ ભાગી ગયા હોવાની પણ ચર્ચા છે. પોલીસે તે દિશામાં પણ ઉંડી તપાસ શરૂ કરી છે.

મહેસાણા નગરપાલિકા દ્વારા વિવેકાનંદ પુણ્યતિથિ

મહેસાણા, તા. ૩

યુગ પ્રવર્તક પૂજય સ્વામી વિવેકાનંદજી ૧૧૧મી પુણ્યતિથિ નિમિત્તે મહેસાણા શહેરમાં બી.કે. થીયેટર પાસે આવેલ સ્વામી વિવેકાનંદની પ્રતિમાને ૪ જુલાઈ ૨૦૧૩ના રોજ સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ કલાક સુધી માલ્યાર્પણ કરવાનો એક કાર્યક્રમ નગરપાલિકા તેમજ યુવા ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે યોજનાર છે. તેમ મુખ્ય અધિકારી મહેસાણા નગરપાલિકાની અખબારી યાદીમાં જણાવાયું છે.

મુખ્યમંત્રી આજે દિલ્હીમાં રાષ્ટ્રપતિની મુલાકાત લેશે

દિલ્હીના એક દિવસીય પ્રવાસ દરમિયાન મોદી ભાજપના પ્રમુખ રાજનાથસિંહને મળશે : વિવિધ મુદ્દે વાતચીત કરાશે

અમદાવાદ, તા.૦૩

ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય ચૂંટણી પ્રચાર સમિતિની આવતીકાલે ગુરૂવારે નવી દિલ્હી ખાતે મળનારી બેઠકમાં હાજરી આપવા તથા રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરવા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વહેલી સવારે નવી દિલ્હી જવા રવાના થશે. નરેન્દ્ર મોદી કેમ્પેઈન કમિટીના ચેરમેન હોવાથી તેમના અધ્યક્ષ સ્થાને મળનારી આ બેઠકમાં ટીમ મોદીના સભ્યોની સત્તાવાર જાહેરાત થશે અને ૨૦૧૪માં આવનારી લોકસભાની ચૂંટણીના સંદર્ભમાં કમિટીના સભ્યોને મહત્વની જવાબદારી સોંપવામાં આવશે તેમ સૂત્રો જણાવી રહ્યાં છે. સૂત્રોના વધુમાં જણાવ્યા અનુસાર આ બેઠકમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અગામી ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ઓછામાં ઓછી ૩૦૦ બેઠકો જીતવાનો લક્ષ્યાંક આપશે અને આ પરીપેક્ષમાં શહેરીક્ષેત્રમાં મોટી સંખ્યામાં યુવાનોને આકર્ષવા રણનીતિ પણ તૈયાર કરવામાં આવશે. જેમાં ડો. મનમોહનસિંહની સરકારમાં વ્યાપેલા ભ્રષ્ટાચાર સામે દેશભરના યુવાનોના ક્રોધને ભાજપનું પ્લેટફોર્મ પુરું પાડી તેમને ચૂંટણીમાં યુપીએ સરકારના વિરોધી પ્રવાહમાં ભેળવવામાં આવશે. જ્યારે બીજી તરફ ભારતીય જનતા પાર્ટીએ પણ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની દેશભરમાં ટોચ પર રહેલી લોકપ્રિયતાનો વધુમાં વધુ લાભ ઉઠાવવા ભાજપના રાજયસ્તરના સંગઠનોને અનુરોધ કરવાનો આવશે. આ ઉપરાંત નરેન્દ્ર મોદીએ જાતે જ તૈયાર કરેલા ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીના પ્રચાર એજન્ડા પર પક્ષ આગળ વધશે તેમ પણ સુત્રોએ જણાવ્યું હતું. આ બેઠકમાં મુખ્યત્વે લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી પ્રચાર પ્રસારના ફલકને કેવી અસરકારક રીતે ફેલાવવું તે અંગે નરેન્દ્ર મોદી ખાસ માર્ગદર્શન આપશે. દરમિયાન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના આવતીકાલે ગુરૂવારે નવી દિલ્હીના એક દિવસના ભરચક કાર્યક્રમ દરમિયાન સાંજે તેઓ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને પણ મળશે જ્યાં તેઓ "રાઈટ ટુ રી કોલ"ના ચૂંટણી સુધારા વિશે તેમજ સીબીઆઈની વર્તમાન કાર્ય પ્રણાલી સામે કેટલીક ગંભીર રજૂઆત કરશે તેમ પણ જાણવા મળે છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તેમની આ એક દિવસીય દિલ્હી મુલાકાતમાં ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથસિંહને તથા ઉત્તરપ્રદેશનાં પ્રભારીનો હવાલો સંભાળતા રાષ્ટ્રીય મહામંત્રી અમીત શાહ સાથે પણ મુલાકાત કરશે તેમ ભાજપના વર્તુળો દ્વારા જાણવા મળે છે.

આજે રાંધેજા ખાતે રૂર્બન પ્રોજેક્ટ અંતર્ગત ભૂગર્ભ ગટર યોજના તેમજ એમ્બ્યુલન્સ વાનનો લોકાર્પણ વિધિ

ગાંધીનગર, તા. ૩

રૂર્બન પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લાનાં રાંધેજા ગામે ભૂગર્ભ ગટર યોજના તેમજ સંસદ સભ્ય શ્રી એલ.કે. અડવાણીજીની ગ્રાન્ટમાંથી ખરીદાયેલ એમ્બ્યુલન્સ વાનનો લોકાર્પણ સમારંભ તા. ૪ જુલાઈ, ૨૦૧૩ના રોજ સવારના ૯.૦૦ કલાકે શ્રી જાગેશ્વર મહાદેવ વાડી, રાંધેજા ખાતે યોજાનાર છે. આ લોકાર્પણ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે કરાશે.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને નાણાં મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. મુખ્ય મહેમાન પદે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના રાજ્ય મંત્રી શ્રી જયંતીભાઈ કવાડીયા ઉપસ્થિત રહેનાર છે. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભીખીબેન ભરતજી ઠાકોર અને ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે. સમગ્ર કાર્યક્રમનું સુચારૂ આયોજન જિલ્લા પ્રભારી સચિવ શ્રી ડૉ. સંજયપ્રસાદ, જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે. ભટ્ટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, રૂર્બન યોજના અંતર્ગત ૧૦,૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા ગામોમાં શહેરી વિસ્તારોમાં મળતી માળખાકીય સુવિધા જેવી સુવિધાઓ પુરી પાડવામાં આવે છે.

બગોદરા હાઈવે પર બનાવમાં ખુલાસો

ટ્રક મળી ત્યારે ૧.૬૦ કરોડ રૂપિયાનો માલ હતો : પોલીસ

અમદાવાદ, તા.૩

આઈસર ટ્રકને રિવોલ્વોર અને તલવારની અણીએ લૂંટી લેવાના મામલામાં નવો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. તપાસ બાદ જાણવા મળ્યુ છે કે આશરે ૨૫ કરોડના મુદ્દામાલ સાથે નીકળેલી ટ્રક બિનવારસી હાલતમાં ડિસા-પાલનપુર હાઈવે પર મળી ત્યારે તેમાં માત્ર ૧.૬૦ કરોડનો જ મુદ્દામાલ હતો બાકીનો જથ્થો લૂંટારાઓ લૂંટીને ફરાર થઈ ગયા હતા. અત્રે નોંધનીય છે કે સોમવારે મોડી રાત્રે બગોદરા હાઈવે પર અમદાવાદની આઠ જેટલી પેઢીઓનો સોના-ચાંદીનો મુદ્દામાલ ભરીને રાજકોટ જઈ રહેલી આઈસર ટ્રકને સાત ઈસમોએ રિવોલ્વર તથા તલવારની અણીએ લુંટી લીધી હતી.

સુત્રોના જણાવ્યા અનુસાર મોડી રાત્રે અમદાવાદથી જી.જે ૩ એડબલ્યુ ૩૬૭૭નામની આઈશર ટ્રક રાજકોટ જવા નીકળી હતી. જ્યાં બગોદરાના રાણેશ પાસે અજાણ્યા જીપ ચાલકોએ તેને રોકીને લુંટ ચલાવી હતી. આ બનાવ બનતા સમગ્રઘટના અંગે પોલીસને જાણ થતા ૧૯ પોલીસ મથકો સક્રીય થઈ ગયા હતા. તેમજ પોલીસને વધારે શંકા કલીનર ઉપર થઈ રહી છે. તેમજ બગોદરા લુંટની ઘટના બાદ પોલીસે ટ્રકની તપાસ માટે સમગ્ર રાજ્યમાં નાકાબંધી લગાવી દીધી હતી અને ગાડીની શોધ માટે અલગ અલગ ટીમો બનાવીને તપાસ હાથ ધરી છે. જો કે ટ્રકમાં જીપીએસ સીસ્ટમ હોવાથી પોલીસને તેના લોકેશન મેળવવામાં ફાયદો થયો. તેમજ ટ્રક બિનવારસી હાલતમાં ડીસા પાસે ભોયણ ગામે મળી આવી તેમાં પોલીસના કહેવા પ્રમાણે ૧.૬૦ રોડનો જ મુદ્દામાલ હતો. પોલીસેઆ ટ્રકમાંથી ૧ કરોડની કિંમતનું ૪ કિલો સોનું, ૩૮ લાખની ૧૬ કિલો ચાંદી અને ૨.૯૪ લાખ ઈમિટેશન જ્વેલરી જપ્ત કરી છે અને બાકીનો ૨૪ કરોડનો માલ લુંટારુઓ લુંટી ગયા તે અંગે પ્રશ્નો ઉભા થયા છે તો બીજી તરફ પોલીસે ડ્રાઈવર અને કલીનરને પણ શંકાના દાયરામાં મુક્યાં છે અને વધારે તપાસ પોલીસે હાથ ધરી છે.

વજુભાઈએ ૬૭ હજાર ઉત્તરાખંડ માટે આપ્યા

અમદાવાદ, તા.૦૩

ગુજરાત રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈ વાળાએ સમગ્ર દેશ માટે ઉદાહરણરૂપ પગલું ભરીને અધ્યક્ષ તરીકેના પોતાના માસિક પગારની રકમ રૂા. ૬૭,૧૦૦ ઉત્તરાખંડની જળ હોનારતના પીડિતોને સહાયભૂત થવા માટે આપ્યા છે. વાળાએ માસિક પગારની રકમનો સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો ચેક મુખ્યમંત્રી રાહતફંડમાં સહાય પેટે જમા કરાવ્યો છે. આ સહાય દ્વારા વાળાએ અગ્રેસર રહીને અન્ય રાજ્યની વિધાનસભા અધ્યક્ષોને પ્રેરણા પુરી પાડી છે.

પોઝીટીવ કેસ... ● પહેલા પાનાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે સે. ૭માંથી મળી આવેલ કેસ પ્રદૂષિત પાણીથી નહિ પણ સ્વચ્છતાને અભાવે થયો હોવાનું પ્રાથમિક અનુમાન છે. સ્વચ્છતા અંગે મનપા દ્વારા ખાસ અભિયાન ચાલી રહ્યુ છે ત્યાં આ પ્રકારનો કેસ મળતાં તંત્રની મુંઝવણમાં વધારો થવા પામ્યો છે.

ગાંધીનગરના નવા સેક્ટરોમાં પેયજળની ગુણવત્તા સાથે વધુ પ્રશ્નાર્થો છે. ગત વર્ષે સે. ૬માં કમળાના કેસો નોંધાયા હતા જે ઉલ્લેખનીય છે. હવે સે. ૭માં કોલેરાનો એક પોઝીટવ અને એક શંકાસ્પદ કેસ મળી આવ્યો છે

કંપની સમાચાર

ગુજરાતમાં આવકમાં ૨૫ ટકા વધારો કરવાનું હેવેલ્સ ઈન્ડિયાનું લક્ષ્ય

૧.૩ અબજની ભારતની અગ્રણી ફાસ્ટ મુવિંગ ફાસ્ટ ઈલેક્ટ્રિકલ ગુડ્સ (એફએમઈજી) કંપની અને મજબૂત વૈશ્વિક હાજરી ધરાવતી અગ્રણી પાવર ડિસ્ટ્રીબ્યુશન ઈક્વિપમેન્ટ ઉત્પાદક હેવેલ્સ ઈન્ડિયા લિમિટેટ ગુજરાતમાં ઉદ્યોગની પ્રથમ પારંપારિક સ્વિચ- 'રિયો' લોંચ કરે છે. રીયો નવીન અને ટેકનોલોજી કેન્દ્રી પ્રોડક્ટ છે, જે અત્યંત કિફાયતી ભાવે પ્રીમિયમ કવોલિટી ઓફર કરશે. પ્રોડક્ટ અતુલનીય સલામતી પૂરી પાડે છે અને હેવેલ્સના કડર સલામતી માપદંડોનું પાલન કરે છે. રીયો સ્વિચનું ઉત્પાદન હિમાચલ પ્રદેશના બદ્દી સ્થિત અત્યાધુનિક પ્લાન્ટમાં કરવામાં આવશે.

રીયોના લોંચ સાથે કંપની વૃદ્ધિની ભારે સંભાવના ધરાવતા ગુજરાતના ગ્રામીણ બજારમાં પ્રવેશશે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં કંપનીની કુલ આવકમાં દ્વિતીય અને તૃતીય સ્તરના શહેરોએ નોંધપાત્ર પ્રદાન આપ્યું છે. ગુજરાતના ૧૯૦ શહેરોમાંથી કંપની ૫૦,૦૦૦થી વધુ વસતિ ધરાવતા ૫૫ ટાઉનમાં સીધી હાજરી ધરાવે છે. ચાલુ નાણાંકીય વર્ષના અંત સુધીમાં કંપની હાલના ૩૩૨ ડિલર્સ-ડિસ્ટ્રીબ્યુટર્સમાં ૧૦૦થી વધુનો ઉમેરો કરીને રાજયના તમામ ૧૯૦ ટાઉન્સમાં તેની હાજરી પ્રસ્થાપિત કરશે.

ભારતીય ઈલેક્ટ્રીકલ ઈન્ડસ્ટ્રીમાં ક્રાંતિકારી વિચાર 'હેવેલ્સ ગેલેક્સી'ને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે અને આજે તે દેશભરમાં ૨૦૦થી વધુ સ્ટોર્સ ધરાવતી શ્રૃંખલા બની ગઈ છે. રાજયમાં કુલ ૧૪ હેવેલ્સ ગેલેક્સી સ્ટોર્સ છે. કંપની રાજયમાં આગામી બે વર્ષમાં વધુ ૧૫ હેવેલ્સ ગેલેક્સી સ્ટોર્સ ખોલવાની યોજના ધરાવે છે. રિટેલ અને ચેનલ પાર્ટનર્સ સહિત સંસ્થાકીય ગ્રાહકોમાં આ કન્સેપ્ટ અત્યંત લોકપ્રિય બન્યો છે. હેવેલ્સ ગેલેક્સી સ્ટોર્સ કંપનીની કુલ આવકમાં રૂા. ૪૫૦ કરોડથી વધુનું પ્રદાન કરે છે.

અમદાવાદમાં ૨૧મો જીજીએમએ નેશનલ ગારમેન્ટ ફેર યોજાશે

ગુજરાત ગારમેન્ટ મેન્યુફેકચરર્સ એસોસિએશન(જીજીએમએ) દ્વારા તા. ૪થી ૬ જુલાઈ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી એકિઝબીશન હોલ, અમદાવાદ ખાતે ૨૧મો જીજીએમએ નેશનલ ગારમેન્ટ ફેર યોજાઈ રહ્યો છે. ત્રણ દિવસના આ સમારંભનું ઉદ્ઘાટન ગુજરાત રાજયના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, ખાણ અને ખનીજ, કુટીર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, પ્રિન્ટીંગ, સ્ટેશનરી, આયોજન, પ્રવાસન, નાગરિક ઉડ્ડયન તથા શ્રમ અને રોજગાર વિભાગના રાજયકક્ષાના પ્રધાન સૌરભ પટેલના હસ્તે ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિના એક્ઝિક્યુટિવ ચેરમેન અને ગુજરાત બીજેપીના કૌશિક પટેલ તથા અમદાવાદનાં મેયર મિનાક્ષીબેન પટે, એલિસબ્રીજના ધારાસભ્ય અને ભારતીય જનતા પાર્ટી, કર્ણાવતી મહાનગરના પ્રમુખ રાકેશ શાહની હાજરીમાં થશે.

છેલ્લા નેશનલ ગારમેન્ટ ફેરને ઉદ્યોગનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો અને ૨૧ જીજીએમએ નેશનલ ગારમેન્ટ ફેર-૨૦૧૩ને પચીસ ટકા વધુ પ્રતિસાદ મળવાની ધારણા છે. એમાં ભાગ લેનાર તમામનો સમાવેશ કરી શકાય તે માટે સ્ટોલની સંખ્યા વધઆરી છે. ૫૦૦થી વધુ બ્રાન્ડઝ અને ૨૦૦ સ્ટોલ આ સમારંભને નોંધપાત્ર સફળતા અપાવી દર્શનીય બનાવશે.

શબ્દાવલી - ૫૧૦૮

૧	૨	૩		૪	૫	■	૬
૭			■	૮			
	■		■		■	૯	
૧૦	૧૧		૧૨	■	૧૩		■
■		■		■	૧૪		૧૫
૧૬					■	૧૭	
૧૮		■	■	■	૧૯		
૨૦				■	૨૧		■

આડી ચાવી

૧. આરામ આપે તેવું (૬)
૩. સહેલું (૩)
૮. એક જંતુ (૨)
૯. આરોપ, ખોટું કલંક (૨)
૧૦. મીઠું, લુણ (૪)
૧૩. સાથ, સહકાર (૨)
૧૪. શુકનવંતા પ્રસંગે... વહેંચાય (૩)
૧૬. નમેલા માથે (૫)
૧૭. ટેસ્ટ, ગળ્યું-તીખું-મોળું વગેરે (૨)
૧૮. વિલંબ (૨)
૧૯. હાથનું ઘરેણું (૩)
૨૦. સફાઈકામ (૪)
૨૧. જનકસુતા, મૈથિલી (૨)

ઊભી ચાવી

૧. આજુબાજુ (૪)
૨. રસ્તો, વાટ (૨)
૩. અધવચ્ચે, અડધે (૪)
૪. નક્કી, વિશ્વાસ (૩)
૫. સાંકળની રીંગ (૨)
૬. અગાઉ, મોખરે (૩)
૯. મહેમાનની સરભરા (૬)
૧૧. પાણીચું, નોકરીમાંથી કાઢી મૂકવું (૫)
૧૨. સમગ્ર, બધા (૩)
૧૩. ... ત્યાં જંપ (૨)
૧૫. ચટાઈ, બિછાનુ (૩)
૧૬. ટીકરીનો ટીકરો (હિન્દીમાં) (૩)
૧૯. વાંસળી, બંસરી (૨)

શબ્દાવલી ૫૧૦૭ના જવાબ

આડી ચાવી :- (૧) અવકાશ (૪) ગોધન (૬) વકરા (૭) ગોદામ (૮) વાટકી (૯) કામ (૧૧) તિખાસ (૧૩) રોજા (૧૫) ફકીર (૧૭) સજા (૧૮) તવાઈ (૨૦) પસ્તી (૨૧) સત્યવાદી (૨૨) આંગી

ઊભી ચાવી :- (૧) અવગતિ (૨) વક (૩) કારાવાસ (૪) ગોદા (૫) ધમકારો (૭) ગોકીરો (૧૦) મજાકમસ્તી (૧૨) ખાટકી (૧૪) ખાજા (૧૫) ફરાસ (૧૬) રતવા (૧૭) સઈ (૧૯) વાદી (૨૦) પગી

કાઉન્સીલર દ્વારા ઈન્સ્પેકશન... ● પહેલા પાનાનું ચાલુ

આજે ટીમ ગાંધીનગર આવશે અને તેની તપાસની કામગીરી કરશે. મળતા નિર્દેશો મુજબ કોલેજ સંચાલકોએ ઈન્સ્પેકશન માટે ટીમ આવી રહી હોવાથી તમામ શૈક્ષણિક કર્મચારીઓને સવારે ૮ વાગે તેમની ફરજ પર હાજર થઈ જવા જણાવ્યું છે. ગાંધીનગર મેડીકલ કોલેજ શરૂઆતથી જ વિવાદના ઘેરામાં રહી છે. એક વખત તેને મંજૂરી મકાનના અભાવે અપાઈ ન હતી. તેમજ સ્ટાફની નિમણુંકના મુદ્દે તત્કાલીન ડીન ડો. પટેલને મેડીકલ કાઉન્સીલે નોટીસ પણ આપી હતી. પુનઃ આ કોલેજમાં સ્ટાફના મુદ્દે જ કાઉન્સીલ અને કોલેજ સત્તાવાળાઓ વચ્ચે મડાગાંઠ ઉભી થઈ છે.

યાત્રિકોને તપાસ્યા... ● છેલ્લા પાનાનું ચાલુ

૧૨,૨૬૬ દર્દીઓની પ્રાથમિક તપાસ કરી હતી. જૈ પૈકી ૧૩૯૬ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. આ દર્દીઓને મુખ્યત્વે શરદી, કફ, દુઃખાવાની તેમજ બી.પી.ની સારવાર આપવામાં આવી હતી.

આ ટીમે રાત દિવસ જોયા વિના તેમની સારવારની અને નિદાનની કામગીરી સંભાળી હતી.

આ મેડીકલ ટીમ જે બે ભાગમાં વહેંચાઈ હતી તેમાંથી એક ટીમ તો બે સ્ટેન્ડ પર સેવાઓ આપતી હતી તો બીજી ટીમ ઋષિકેશ સુધી જઈ અને યાત્રિકોને જરુરી સારવાર આપતી હતી. ટીમ વહેલી સવારથી જ તેની કામગીરી આરંભી દેતી અને તે રાત્રિના દસ સુધી કાર્યરત રહેતી હતી.

હરદ્વાર ખાતેના રોકાણ દરમિયાન મુખ્યમંત્રીશ્રી મોદી દરેક ગુજરાતી યાત્રીને વ્યકિતગત મળી તેની સુશ્રૂષા અંગે નાનામાં નાની કાળજી લેતા જોઈ ટીમ અચંબિત બની હતી અને મુખ્યમંત્રીશ્રીએ બીજા દિવસે આપેલ માર્ગદર્શન મુજબ કામગીરીનો આરંભ કર્યો હતો.

આ મેડીકલ ટીમે સાંત્વના આપવા ઉપરાંત પ્રેમ અને લાગણીની હુંફ આપી સેવાની એક અનોખી જયોત જલાવી હતી જેની નોંધ અન્ય રાજયોના યાત્રિકોએ પણ લીધી હતી.

આ મેડીકલ ટીમે ગાંધીનગરના યાત્રિકોને પણ ચકાસ્યા હતા. ટીમના જણાવ્યાનુસાર યાત્રિકો મુશ્કેલીમાં હતા અને જે ભૂખનો સામનો કરી હરદ્વાર આવ્યા હતા તે ખાસ કરીને અશકિત વધુ અનુભવતા જણાયા હતા.

ટીમે યાત્રાળુઓને ગ્લુકોઝની બોટલ ચડાવવા ઉપરાંત જરૂરી દવાઓ પણ આપી હતી.

એક તબક્કે ગાંધીનગરની આ મેડીકલ ટીમ ઋષિકેષથી ઉપર શ્રીનગર સુધી પહોંચી હતી તેણે પાછા ફરતી વેળાએ ખાસી મુશ્કેલીનો સામનો કર્યો હતો. આ ટીમ પરત ફરી ત્યાં જ પુનઃ વાદળ દેવપ્રયાગ નજીક ફાટયું હતું. જો કે ટીમ હેમખેમ પરત ફરી હતી તેનો આનંદ ટીમના સૌ સભ્યોને હતો.

ટીમના જણાવ્યા મુજબ ૮ જેટલા દર્દીઓ એવા હતા કે જેમને ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરી અને સારવાર આપવી પડી હતી જેનું મોનીટરીંગ ટીમે કર્યું હતું.

ગઈ કાલે આવી પહોંચેલી ટીમ બે ભાગમાં પરત ફરી હતી. એક ટીમ પ્લેન મારફતે તો બીજી ટીમ બસમાં મુસાફરો સાથે આવી હતી. આ ટીમ ગાંધીનગર પરત ફરી ત્યાર બાદ ડૉ. રૂપાલા અને બ્રધર ફેડરીકની તબિયત બગડી હતી. ડૉ. રૂપાલાને થાક જબરદસ્ત લાગ્યો હતો તેનો ફીવર જણાયો હતો તો બ્રધર ફેડરીકને વાયરલ ફીવર જણાયો છે. જો કે બંનેની તબિયત સુધારા પર હોવાનું તેમના નિકટવર્તી સૂત્રોએ જણાવ્યું છે.

ઉત્તરાખંડની આપત્તિમાં ગુજરાત એક બની ઉભું હતું એટલું જ નહિ ગુજરાતની સેવાભાવનાની જયોતને જલતી રાખી હતી તેનો સંપૂર્ણ સંતોષ ટીમના સભ્યોને છે.

ટચૂકડી જાહેર ખબર
વેચવાની છે
ઈન્ફોસિટી સુપરમોલ-૧માં ફ્રન્ટફેસીંગ,